નમસ્કાર ગાંધીનગર

પમરાટ

કેમ આવું થાય છે વરસાદમાં ?
તું બધે વર્તાય છે વરસાદ માં !
વાત ધરતીની નથી કેવળ અહી ,
આભ પણ જો ગાય છે વરસાદમાં .
સહેજ વાછટ આવતાની સાથ માં ,
ઓરડો મ્હેકાય છે વરસાદમાં !

- પીયૂષ પરમાર

પાથેય

- રમેશ ઠક્કર

ગાતું આભ..અને વરસાદ...

આજના આકાશની શોભા અનેરી છે..વાદળીઓ જાણે ડિટરજન્ટ સાબુથી ધોઈ હોય એવી ઉજળી અને આકર્ષક બની આમતેમ ઉડી રહી છે...વહેલી સવારનો પવન આજે તાજગીના છડીદાર જેવો લાગી રહયો હતો..ચોમાસાનાં આંખમિચામણાં આમ તો એકાદ પખવાડિયાથી ચાલી રહયાં છે..એની સીધી અસર સવારના આખા અસબાબ ઉપર પડી રહી છે..ઝરમરથી ડરીને એકાદ બે દિવસ તો ચાલવાનું ટાળ્યું..પણ સહેજ ઉઘાડ અને એ પછીનો મલકાટ મોહી પડાય એવો છે..ચારેતરફ બધું થાળે પડી રહયું હોય એવો અનુભવ થઈ રહયો છે..મને આ "થાળે પડવા,"ની ઘટના માટે ભારે કુતુહલ છે..!

ખુલ્લી આ સડક પણ રોજરોજ કેટલાં રૂપ બદલે છે..હમણાં બે દિવસ પહેલાં જ ધોધમાર વરસાદ વચ્ચે પૂરપાટ જતી ગાડીના એકલખૂણે લપાઈને મેં એનો નજારો જોયો હતો..સાચું કહું તો મને બે ઘડી બહાર નિકળી ધોધમાર નાહી લેવાની તીવ્ર ઇચ્છા થઈ ગઈ હતી..પણ કમાલ છે પરિપકવતાની ! કેવું લાગે હવે આટલી ઉંમરે કોઇપણ કારણવગર ભીંજાઈ જવાનું? અને એ એક જ પ્રશ્ન ઉપર પૂર્ણવિરામ ફરી ગયું..વાઇપર્સ ઉપર સરકતા પાણીની જેમ..! આપણે તો આમ પણ એવું જ છે..ચોમાસે ચોમાસે કોરા ! એવું ઘણીવાર લાગે છે કે આ કોરાપણું ત્યજીને કોઇક ભીનાશના સાનિધ્યમાં થાળે પડી જવા જેવું હતું !

જીવન કોઈ વસવસાના ભરોંસે થોડું ચાલે છે ? આકાશનો આજનો મિજાજ જાણે બાર ખાંડીનો હતો..હું પણ આજે ચાલી લેવાના મૂડમાં જ હતો...પાટનગરની એ પહેલ છે કે ગમે તે રસ્તે તમે નીકળો લીલોતરી તમને મફત મળે ! હમણાં જ બાલ્યાવસ્થામાં જોયેલું સેવનનું એક ઝાડ આસપાસની ધરતીના સેવનને કારણે વટવૃક્ષ જેવું બની લ્હેરાઈ રહયું હતું..દાયકાઓથી રહું છું આ શહેરમાં પણ ગણ્યાંગાંઠયાં ઝાડ કે છોડ સિવાયનાં નામ સમ ખાવા પૂરતાં પણ જો આવડતાં હોય તો ! આવી તો ઘણી ઉણપ સાથે આપણે જીવતા હોઈએ છીએ એનું નામ જ કદાચ ઠરીઠામ થવું હશે ? આપણે અમુક બાબતો જાણતા હોઈએ કે અજાણ જીવન એની મેળે જ ઠરીઠામ થઈ જતું હોય છે !

સાચું કહું તો મને મળસકાની મજા મોજીલો બનાવે છે..સ્વભાવે આમ જો કે મારી પ્રકૃતિ ધીરગંભીર છે..કોઇક વધારે નિર્મમ બનીને અતડો પણ કહે ! પરંતું આવી કોઇ ઉઘાડ લેતી સવારે જો કોઈ મને ભેટી જાય તો એનું ભ્રમનિરસન ચોક્કસ થઈ જાય ! એમાં જો કોઇને દાદ દેવાની હોય તો ઉડતી આ વાદળીઓ અને બદલાતા એના રંગ અને આકારને જ આપી શકાય ! વર્ષાની હેલી વખતે એ બધું કયાં ગાયબ થઈ જતું હશે ? અને ઘડીક જયાં પોરો ખાવાની પળ શરૂ થાય એટલે અવળસવળ લાગતી એકસામટી આ વાદળીઓ કેવી ક્રમબધ્ધ ગોઠવાઈ જતી હોય છે ! મોહક એની આ અદા આમ જોઈએ તો થાળે પડવાની રોમાંચક ઘટના જ છે ને !

અનુસંધાન પાના નં. ૭ પર

સાંસદો-ધારાસભ્યોને શિખામણ જરૂરી

તંત્રીસ્થાનેથી...

નિવૃત્ત સરકારી અધિકારી કે.જી. વણઝારાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખીને મુખ્યમંત્રીથી લઈ સાંસદો-ધારાસભ્યો અને સનદી અધિકારીઓનાં બાળકોને સરકારી શાળાઓમાં ભણાવવાની અપીલ કરી છે. સરકારી શાળાઓમાં પ્રવેશોત્સવ રંગેચંગે ઊજવનારા આ તમામ અધિકારીઓ, જનપ્રતિનિધિઓ અને વહીવટદારો એમનાં સંતાનોને ખાનગી શાળાઓને બદલે સરકારી શાળાઓમાં ભણાવવાનું નક્કી કરે તો જરૂર ખાડે ગયેલી શિક્ષણ વ્યવસ્થા પાટા પર આવી શકે.

દિલ્હીનું શિક્ષણ મોડલ એટલું ફળદાયી નીવડ્યું છે કે ત્યાં ખાનગી શાળાઓ કરતાં વાલીઓ એમનાં બાળકોને સરકારી શાળાઓમાં મૂકવાનું પસંદ કરે છે. ગુજરાતે દિલ્હીનું શિક્ષણ મોડલ સ્વીકારવામાં શરમ ન અનુભવવી જોઈએ. શિક્ષણ એ નિરંતર ચાલતી પ્રક્રિયા છે. એ ફક્ત શાળા-કૉલેજ કે યુનિવર્સિટીની પરીક્ષાઓ પાસ કરી દીધાથી પૂરી થઈ જતી નથી. આપણા જનપ્રતિનિધિઓ માટે બંધારણમાં શૈક્ષણિક લાયકાતની કોઈ શરત નથી રખાઈ. એનું કારણ એ છે કે ભારતની લોકશાહી એ 'સંપૂર્ણ લોકશાહી' છે જેમાં ભણેલા અને અભણ - બે વચ્ચે કોઈ વહેંરાવંચો રાખ્યા વિના તમામ નાગરિકોને સમાન અધિકારો અપાયેલ છે. આથી ઘણા બધા અલ્પશિક્ષિત છતાં જાતિ - સમીકરણોને લીધે અથવા મની-મસલ પાવરથી કે પછી એમની કાર્યદક્ષતા, કોઠાસૂઝ અને લોકપ્રિયતાને કારણે ધારાસભ્ય અને સાંસદ બની જતા હોય છે. એમને એ જ કારણોસર મંત્રીપદ પર મળી જતું હોય છે . આથી ક્યારેક વિચિત્ર પ્રકારની વિડંબના સરજાય છે. ઈતિહાસ કે સંસ્કૃતિના અલ્પજ્ઞાન અથવા ખોટા ખ્યાલોને આવા જનપ્રતિનિધિઓ જાહેર મંચ પરથી રજૂ કરે છે ત્યારે તેઓ તો હાસ્યાસ્પદ બને જ છે; સાથે જ એમને ચૂંટી મોકલનાર મતદાતાઓ વિશે પણ બૌદ્ધિક સમુદાયો હલકો અભિપ્રાય બાંધી બેસે છે. હમણાં આવી એક ઘટના રાજસ્થાનના ઝૂંઝુનૂ ખાતે નોંધાઈ છે. ત્યાંના ભારતીય જનતા પાર્ટીના નિશાન પર ચૂંટાયેલા સાંસદ નરેન્દ્રકુમાર ખીચડે મહાત્મા ગાંધીએ સુભાષચંદ્ર બોઝની હત્યા કરાવી હતી એવું જાહેર મંચ પરથી બોલીને પાર્ટીના ધુરંધરોને પણ શરમિંદા બનાવી દીધા છે. પછી કોઈએ ભૂલ સુધારી હોય ત્યારે ફેરવી તોડીને કહે છે કે જીભ લપસી ગઈ હશે. મારા કહેવાનો એવો અર્થ નહોતો, છતાં કહેવાઈ ગયું હોય તો દિલગીર છું. હું પોતે મહાત્મા ગાંધીનો પ્રશંસક છું અને મારા કાર્યાલયમાં એમની તસવીર રાખું છું. સુભાષચંદ્ર બોઝને વડાપ્રધાન બનાવવા જોઈતા હતા પણ એમને ગાંધીજી નફરત કરતા હતા એટલે એમની હત્યા કરાવી દીધી આવું જાહેરમાં ભરી મારનાર સાંસદના ઈતિહાસજ્ઞાન વિશે શું કહેવું ? ભારતીય જનતા પાર્ટીની નેતાગીરીને આઝાદીના ઈતિહાસને ફેરવી નાખવામાં રસ છે અને તે સિફતપૂર્વક કોંગ્રેસ અને તેના તત્કાલિન નેતા ગાંધીજી કરતાં હિંસક આંદોલન કરનારા ભગતસિંહ સહિતના ક્રાંતિકારીઓને વધુ મહત્ત્વ આપવા માગે છે. ઈતિહાસ સરખી રીતે ન લખાયો હોય તો એનું પુનરાવલોકન અને પુનર્લેખન થાય એની સામે વાંધો ન હોઈ શકે, પણ આવાં ઊલજલૂલ નિવેદનોથી તો શાસક પક્ષની આબરૂ ઓછી જ થાય છે. એ જ રીતે કોંગ્રેસના સમર્થકો એમ કહે કે સોનિયા ગાંધી ઈડીની તપાસથી ડરશે નહીં કારણ કે એ 'ગાંધી' છે, તો એ પણ એટલું જ નિંદનીય છે. સોનિયા ગાંધી કોઈ મહાત્મા ગાંધીનાં વારસદાર નથી. એ ફિરોઝ ગાંધી નામના પ્રખર સાંસદ અને ઈંદિરા ગાંધીનાં પુત્રવધૂ છે. ફિરોઝ ગાંધીને મોહનદાસ કરમચંદ ગાંધી સાથે સ્નાનસૂતકનો સંબંધ નહોતો. એ તો પારસી ભાયડો હતો. ઈંદિરા પ્રિયદર્શિની સાથેનું એનું પ્રેમલગ્ન ખુદ નહેરુને નહોતું ગમ્યું. પરિણામે બે દીકરાઓ સાથે ઈંદિરા યુવાન વયે પતિને છોડીને પ્રતાપી પિતા પાસે રહેવા આવી ગયાં હતાં. ઐતિહાસિક તથ્યો, પૌરાણિક પાત્રો વિશેના ખ્યાલો - એ બધાનું જ્ઞાન આપણા જનપ્રતિનિધિઓ અને પ્રશાસકોને હોવું જરૂરી છે. એમને દેશ અને દુનિયાની ભૂગોળ તથા વિવિધ ધર્મો વિશેની સાચી માહિતી પણ હોવી જોઈએ. એમને 'ભણાવવા' ની વ્યવસ્થા ગોઠવાય તે જરૂરી છે.

'ફોરેન્સિક' સસ્પેન્સ થ્રીલર ફિલ્મ

મન-રંજન
ધ્વનિલ પારેખ

હમણાં વિવિધ ચેનલ્સ પર નવી નવી ફિલ્મો પર રજૂ થઈ રહી છે. લોકો થિયેતર તરફ હવે ઓછી નજર દોડાવી રહ્યા છે અને ઘરે બેસી લેપટોલ કે મોબાઈલ પર ફિલ્મ જોવાનું વધારે પસંદ કરે છે. વિવિધ ચેનલ્સ પર જે ફિલ્મ આવે છે એ પણ વિષયવૈવિધ્યની રીતે જુદી પડતી આવે છે. ઝી ચેનલ્સ પર હમણઆં એક નવી ફિલ્મ આવી છે 'ફોરેન્સિક'. રાધિકા આપ્ટે અને વિક્રાંત મેસી અભિનિત આ ફિલ્મ સાયકો થ્રીલર છે. બાળકોની સાયકોલોજી હવે જગતભરમાં મોટા વિષય બની રહ્યા છે, એટલું જ નહીં પણ એ ચિંતાનો વિષય પણ બની રહ્યો છે. 'ફોરેન્સિક' ફિલ્મ પણ એ જ મુદ્દાને સ્પર્શ કરે છે.

નાનપણમાં બે બાળકો વચ્ચે ભેદભાવ કરવામાં આવે ત્યારે એ બાતો પર એની કેવી અસર થાય છે અને એ અસર ધીમે ધીમે સમાજ માટે કેવી ઘાતક પુરવાર થાય છે, એ આ ફિલ્મમાં સરસ રીતે બતાવવામાં આવ્યું છે. જે બાળક સાથે નાનપણમાં જ અન્યાય થતો આવ્યો હોય, પિતા ઢોર માર મારતો હોય કે બીજા બાળકોને વધારે મહત્ત્વ આપવામાં આવતું હોય છે ત્યારે આ બાળકમાં ઈર્ષ્યાનું તત્ત્વ એટલી પ્રબળ રીતે દાખલ થાય છે કે બીજા કોઈ બાળકનું એ સારું જોઈ શકતો નથી. પોતાના સગાંવહાલાંમાં જે બાળકો હોય એના ઉપરાંત શાળામાં કે પડોશમાં જે બાળકો હોય એના ઉપરાંત શાળામાં કે પડોશમાં જે બાળક હોય એના સુધી એની ઈર્ષ્યા વિસ્તરતી હોય છે. મોટા થયા પછી પણે ઈર્ષ્યા ખતમ થતી નથી અને આખરે એ સિરિયલ કીલર સાબિત થાય છે.

'ફોરેન્સિક' ફિલ્મમાં ટેકનિકની મદદથી ઈન્સ્પેક્ટર મેઘના (રાધિકા આપ્ટે) અને જોની (વિક્રાંત મેસી) બંને મળીને સિરિયલ કીલર સુધી પહોંચે છે. આવા સિરિયલ કિલર આપણી આસપાસ જ હોય છે અને એમનું વર્તન પણ સહજ હોય છે છતાં એમને ઓળખવા મુશ્કેલ બની જાય છે. ક્યારેક તો એકદમ અંગત વ્યક્તિ જેના પર આપણો પૂરો ભરોસો હોય છે એ જ વિપરીત વર્તન કરે છે, 'ફોરેન્સિક' ફિલ્મ આ બધા મુદ્દા પર પ્રકાશ પાડે છે. ફિલ્મ હજી સારી બની શકી હોત પણ એની ગતિ મંથર છે, હા એક પછી એક વ્યક્તિ શંકાના વર્તુળમાં આવતી જાય છે અને અંતે ન કલ્પેલ રહસ્ય પ્રગટ થાય છે. એ રહસ્ય પ્રકટ કરવામાં દિગ્દર્શકને સફળતા મળી છે. આધિકા આપ્ટે, વિક્રાંત મેસી, રોહિત રોય વગેરેનો અભિનય અને ખાસ તો પ્રાચી દેસાઈનો અભિનય સરસ છે. પ્રાચી દેસાઈ એની અત્યાર સુધીની સૌથી શ્રેષ્ઠ ભૂમિકામાં હશે. ફિલ્મનું નબળું પાસું સંગીત છે. ગમે ત્યારે કવ્વાલી શૈલીમાં ગીત રજૂ થાય છે તો ગમે ત્યારે બેકગ્રાઉન્ડમાં શ્લોકોનું હમિંગ આવે છે, જે સુસંગત જણાતું નથી.

'ફોરન્સિક એક જુદા' વિષયની થ્રીલર ફિલ્મ છે. ફિલ્મમાં હિંસા ભરપૂર છે એટલે એ પ્રકારની ફિલ્મ જોવા ટેવાયેલાઓ આ ફિલ્મ જોઈ શકે છે.

દિન મહિમા

- નેશનલ કેમેરા દિવસ
- નેશનલ સ્ટેટીસ્ટીક્સ ડે (રાષ્ટ્રીય આંકડા દિવસ)

આજનું

ઔષધ

- ખારેક અથવા ખજૂરના ઠળિયાને બાળી તેની રાખ કપૂર અને હિંગ સાથે મેળવી ખરજવા પર લગાવવાથી ખરજવું મટે છે.

ખડખડાટ

- ટીવી રિપોર્ટરએ એક જખ્મીને પૂછ્યું : જ્યારે બોમ્બ પડ્યો ત્યારે શું એ જોરથી પડ્યો હતો? જખમી ગુસ્સામાં બોલ્યો : ના.... નાના.... બોમ્બ રેંગતો રેંગતો મારી પાસે આવ્યો આવ્યો અને શરમાઈને બોલ્યો.... Dhummm

આજનું

વોટ્સએપ

- આંખો ખોલવી પડે છે અજવાળાને જોવા માટે ફક્ત સૂર્યના નિકળવાથી અંધારું નથી જતું.

'થાય ઈચ્છા કે હવે મન ભરીને પલળી જવું છે, વરસાદ એકધારો પડે નહીં, ને રહી જવાય કોરાકટ એમપણ બને'

"બારી ઉઘડતાં જ વાછટ સ્પર્શી જાય,થઈ જાય સ્મરણ તાજાને ભીતરથી તરબોળ થઈ જવાય એમ પણ બને ...."

કોઈપણ બહાનું કાઢયા વગર , ગમે ત્યારે અડપલાં કરતો , અચાનક વરસી જતો , તણાઈ ગયેલા સપનાંઓને બારીમાંથી ડોકિયું કરી કાગળની હોડી માં છેક કિનારે પહોંચાડી દેતો એવો ગાંડોતૂર મેહુલો ભીની ભીની વાછટ આપી જાય એ ક્ષણોની સૌને શુભકામના...

ભીંજાવું ને ભીંજવવું એ બન્ને લાગણીની અનુભૂતિ કઈક અલગ જ છે. ચોમાસુ લગભગ લગભગ બધે જ શરૂ થઈ ચુક્યુ છે. મસ્ત મસ્ત વાદળછાયું વાતાવરણ જામી ચૂક્યુ છે. અને ચોમાસું એટલે રોમાન્સની ઋતુ. અને રોમાન્સ વ્યક્ત કરવા માટે શબ્દો જોઈએ, અને શબ્દો માટે અમુક ચોક્કસ વાતાવરણ, અને જો શબ્દો કવિતાના રૂપમાં મળે તો તો ચાર ચાંદ લાગી જાય. અને સાથે ગરમ ગરમ ભજીયા અને ચા મળે તો જાણે ચોમાસું બેવડાઈ જાય છે.

કવિ શ્રી ખલીલ ધનતેજવી સાહેબ કહે છે કે....

"તમે મન મૂકી વરસો, ઝાપટું આપણને નહીં ફાવે,
અમે હેલીના માણસ, માવઠું આપણને નહીં ફાવે".

ઘણી વાર આપણને શું ગમે છે તેની પોતાને જ ખબર નથી હોતી. અથવા આપણને એવું કહેવાની આદત પડી ગઈ હોય છે કે અમને તો ચાલે બધું, હવે આવું બધું શું કરવાનું.

બસ આપણે વિચારોને સીમિત કરી દેતાં હોઈએ છીએ.

બીજાં શું કહેશે એ વાતને કેન્દ્રમાં રાખીને

આપણે વિચારી જ નથી શકતાં કે મને કે મારાં પ્રિય પાત્રને તો શું ભાવે છે કે, શું ગમે છે. એના માટે લઈ જઈશ તો લોકો શું વિચારશે કે જોયું આ ઉમરે કેવું સૂઝે છે. પણ ગમતું કરી લેવુ જોઈએ એ બાબતથી આપણને નાનપણથી અજાણ રાખવામાં આવ્યાં છે. ખાસ કરીને સ્ત્રીઓને . હંમેશા ઘરના તમામ સભ્યોને શું ગમે તે કરવાં કટિબદ્ધ હોય છે. પણ પોતાની પસંદગી વિશે એ વિચારી પણ નથી શકતી. અને એટલે જ ઘણું થયું હવે રોજ રોજ લાગણીઓને દબાવીને રાખતી પોતાની પ્રિયતમાને કહી જ દો કે મન મૂકીને વરસો, ઝાપટું આપણને નહીં ફાવે. પણ ખરેખર હવે જિંદગી જીવી લો આ વરસાદી વાતાવરણ એ જ કહેવા ત્રાટક્યું હશે

તો આવો , વ્હાલ મુકી ને ભરપૂર વરસાવો, હવે
માવઠું પડે તે ચાલે એમ નથી.

અને શ્રી તુષાર શુક્લ કહે છે કે..

"આંખોમા બેઠેલા ચાતક કહે છે, મારું ચોમાસું ક્યાંક આસપાસ છે; ગાલો પર લજ્જાની લાલી ફૂટ્યાનું કોઈ કારણ પૂછે તો કહું ખાસ છે" લાગણીઓ એકદમ વરસાદના ફોરા જેવી પાણીપોચી હોવી જોઈએ એ પાયાની શરત છે, પ્રેમમાં ભીંજાઈ જવાની.

આપણે આવાં સંવેદન રહ્યા નથી.

સ્મરણો રહ્યાં જ નથી કારણ આપણે હવે જમાના સાથે અપડેટ થઈ ગયા છીએ. પ્રપોઝ પાર્ટી કરતાં અને બ્રેક અપ પાર્ટી પણ કરતાં થઈ ગયાં છીએ. અને આ બધાનું કારણ છે આપણી ફાસ્ટ લાઈફ સ્ટાઈલ.

આવી કઠોર લાગણીઓ પરથી તો સંવેદનાઓનું આખું ઘોડાપૂર પસાર થઈ જાય તો પણ નરમ નથી પડતી કે ભીંજાવા રાજી નથી થતી.

ચાલો પાણીનાં ટીપાં જેવાં સંવેદન શીલ બની જઈએ.

ચોમાસુ આવે એટલે કવિ બની જઈએ. એ વરસાદની મોસમને , એ માટીની મહેકને દિલના ઊંડાણમાં ઉતારી કંઈક ગુનગુનાવીએ.

શા માટે આપણે લાગણીઓ આડે છત્રી કે રેઈન કોટ નો સહારો લઈએ છીએ. શુષ્ક શબ્દોમાં ભીનાશ પ્રસરી વળે છે ને મનનાં ભાવો વગર છત્રી લઈને શહેર ખૂંદવા નીકળી પડીએ છીએ. ચાલો લાગણીઓને વ્યકત કરતાં શીખીએ અને છત્રીને કાગડો બનાવી ઊડતાં જોઈ આનંદમાં આવીએ. ધોધમાર વરસાદના છાંટા નો અવાજ સાથે તમરા અને દેડકાંઓ નો અવાજ એ એકજાતનું મેડિટેશન છે કુદરતી.

વરસાદનું એક બુંદ શરીરને સ્પર્શતાં જ આખા વર્ષની શુષ્કતા ક્ષણમાં જ ઓગળી જાય છે, ને એજ નાનકડું બુંદ આપણી વ્યાકુળતાને વરસાદમાં વહાવી દેવાં આપણી આંગળી ઝાલી લે તો ઝાલવા દઈએ.

ગળામાં ધરબાયેલાં મૌન સંવાદોનાં ડૂમાઓ મોરનાં ટહુકાઓ બનીને વિશાળ આકાશે પડઘાઓમાં વિસ્તરવા દઈએ. બધી ચિંતાઓ અને વ્યાકુળતાને ભૂલી જઈને આકાશને ગગનચુંબી બાથ ભરવાં હરખભેર ઉડાન ભરી લઈએ. શા માટે ઈશ્વરના અઢળક વહાલ સામે આપણે સૂકાભઠ્ઠ થઈને સૂનમૂન પડી રહેતાં હોઈએ છીએ. જાણો છો , બહાર પડતો વરસાદ ભીતરમાં ટાઢક આપે છે.

તો આપણે મનમાં ચાલી રહેલાં વિચારોના યુદ્ધ ને હરાવી દઈએ અને આપણી અંદરની દુનિયાને બદલી દઈએ.

મનના એ રસ્તાઓમાં સળવળાટ જરુર થશે , પણ બધી જ વ્યથા ઓ ભાગી છૂટશે અને પહોંચી જશે ભીતરની ભીનાશને મળવાં..!

આ વરસાદ તો પ્રેમનો પર્યાય છે, જેમાં જીંદગીને એમનાં થાકનો વિસામો મળે છે ને બાકી બચેલી ક્ષણોને હરખભેર વધાવીને શ્વાસો પોતાનું મનોબળ વધારે છે.

'હું મારાં જ આકાશમાં

એમ પણ બને
પારૂલ અમિત

અનુસંધાન પાના નં. ૭ પર

ચાલો બાળકના પ્રશ્નો દ્વારા સર્પોની રહસ્યમય દુનિયામાં ડોકિયું કરીએ ...

ગયા અઠવાડિયે આપણે આપણા સૌના કહી શકાય એવા ગાંધીનગરના ખોળે રમીને મોટા થયેલા આજના સનદી અધિકારી ઉત્સવ પરમારે બાળ અવસ્થામાં સહજ જિજ્ઞાસાવશ સન. ૨૦૦૩ માં સર્પો અંગે તૈયાર કરેલા મને પૂછવાના પ્રશ્નોની યાદી પ્રસ્તુત છે. મને તે સમયે અમુક પ્રશ્નો બાલિશ લાગેલા અને અમુક પ્રશ્નોએ મને પણ અચંભિત કરી દીધેલો. મિત્રો, ચાલો ઉત્સવના પ્રશ્નો દ્વારા સર્પોની રહસ્યમય દુનિયામાં ડોકિયું કરીએ . . .

૧. સાપને રોગ થાય છે ? કેવા ? ક્યા ?

સાપ એક પ્રાણી હોવાથી તેને થતા રોગો ઝૂનોટિક ડીસીઝીસ કહેવાય. મોટે ભાગે પ્રાણીઓને થતાં રોગોનો ચેપ માનવને લાગતો નથી, પરંતુ એવા રોગો પણ હોય જે પ્રાણીમાંથી માનવને પણ લાગી શકે છે જેમ કે 'ઈબોલા વાયરસ'. સાપના પણ ઘણા રોગ એવા હોય છે જેનો ચેપ માનવને લાગી શકે છે. સાપમાં જોવા મળતા ઉદહરણો છે : સાલ્મોનેલ્લા, બોટુલીઝમ, લેપ્ટોસ્પાઈરોસીસ.

૨. સાપથી આપણને કોઈ રોગ થાય છે ?

સાલ્મોનેલ્લા, બોટુલીઝમ, લેપ્ટોસ્પાઈરોસીસ આ બધા એવા વાઈરસો છે જે માનવને લાગી શકે છે.

૩. કેટલા સાપ કૂદકા મારી શકે ? કેટલાં ઉંચા ? ક્યા સાપ ?

ગુજરાતનું ઉદાહરણ લઈએ તો સો-સ્કેલ્ડ વાઈપર અથવા ફુરસો નામનો સાપ પોતાના શરીરની લંબાઈના ત્રીજા ભાગ જેટલા અંતર સુધી કુદી શકે છે. આપણે જેને તણસ એટલે કે બ્રોન્ઝબેક્ડ ટ્રી સ્નેક તરીકે ઓળખીએ છીએ તે એક વૃક્ષથી નજીકના અંતરે આવેલા વૃક્ષ પર કુદી શકે છે. પરંતુ એ માનવની જેમ કૂદકા મારી શકે નહીં અને મારે પણ નહીં..

૪. શું સાપ નિરંતર ફૂફાડા મારે છે ?

ફુંફાડા મારવા એટલે આપણે માટે સાપ ગુસ્સાથી અથવા ડરથી ચેતવણી આપવા જે અવાજ કરે તે. પરંતુ સર્પ કદી યોગ્ય કારણ સિવાય ફૂંફાડા મારે નહીં. સાપનો ફૂંફાડાનો વાજ તે માનવની જેમ ગળામાંથી કરતો નથી પરંતુ પોતાના ફેફસામાં હવા ભરી નાક દ્વારા જોરથી બહાર ફેંકે તેથી જે અવાજ થાય તે હોય છે. આમ સાપ કારણ વગર ફૂંફાડા મારતો ન હોય તો પછી નિરંતર ફૂંફાડા મારે જ નહી.

૫. વર્મ સ્નેક ક્યાં દેખાય છે ?

વર્મ સ્નેક પોચી માટી વાળી જમીન જ્યાં પણ હોય ત્યાં જોવા મળે છે. ગુજરાતમાં તમામ જિલ્લાઓમાં વર્મ સ્નેક જોવા મળે છે.

૬. સાપ નોળીયા સિવાય કોનો ખોરાક છે ?

નોળીયા સિવાય મોર, મોટા ભગના શિકારી પંખી તથા ઘોરખોદીયા પણ સાપનો શિકાર કરતા જોવા મળે છે.

૭. સાપથી કોઈ નુકશાન થાય છે ?

સાપ ઝેરી હોય અને તે દંશે તો જ તેનાથી નૂકસાન જાય છે. અન્યથા પ્રકૃતિના તમામ જીવોની જેમ તેનો પણ ઈકો-સાયકલમાં એક મહત્વનો શીકારી તરીકેનો રોલ છે, તેથી તે નૂકસાનકારક નથી પરંતુ ઉપયોગી વધુ હોય છે. આમ પણ સાપ માત્ર બે સંજોગોમાં દંશતો જોવા મળે છે, એક તો શીકાર કરવા માટે અને બીજા કિસ્સામાં સ્વબચાવ માટે.

૮. સાપમાં સૌથી ઝેરી કયો ?

પૃથ્વી પર સૌથી ઝેરી સર્પ કયો તે ચર્ચાનો વિષય છે. માત્ર ઓસ્ટ્રેલીયામાં જ વિશ્વના સૌથી ઘાતક કહેવાય તેવા દસ ઝેરી છે, એ રીતે પૃથ્વી પર દરેક વિસ્તારમાં અમૂક સર્પો તે વિસ્તાર માટે સૌથી ઝેરી ગણાય. જેમ કે ભારતમાં કાળોતરો, આફ્રીકામાં મમ્બા, ગબૂન વાઈપર, અમેરિકામાં રેટલ સ્નેક ઈત્યાદી. પરંતુ મારા મતે આ પૃથ્વી પર સૌથી ઘાતક અને ઝડપથી અસર કરતું સર્પોનું ઝેર હોય તો તે 'દરીયાઈ સર્પો'નું હોય છે.

૯. સાપ કેટલા દિવસ સુધી ભૂખ્યો રહી શકે છે ?

સર્પો આપણી સમજની બહાર ખુબ લાંબા સમય સુધી ભૂખ્યા રહી શકે છે. સર્પોએ પોતાની ઉત્ક્રાંતિ દરમિયાન પ્રાણાયમ સિદ્ધ કર્યું હોવાથી પોતાના શરીરમાં જ્યાં સુધી ચરબી હોય ત્યાં સુધી ભુખ્યો રહી શકે છે. કેપ્ટીવીટીમાં એટલે કે બંધનાવસ્થામાં અમૂક અજગરોએ એક એક વર્ષ સુધી ખોરાક સ્વેચ્છાએ ન લીધાના દાખલા છે.

૧૦. સાપનું ઝેર કોને અસર નથી કરતું ?

સર્પોનો શીકાર કરતા પ્રાણીઓ જેવા કે શેળો, નોળીયા, ઘોરખોદીયા, આફ્રીકાનું સેક્રેટરી બર્ડ, ઘણા બાજની જાતિના પક્ષીઓ સર્પના ઝેરથી ઈમ્યુન હોય છે એટલે કે અમુક માત્રા સુધી તેના શરીરમાં ગયેલા સર્પના ઝેરની તેમને અસર થતી નથી.

૧૧. સાપનું ઝેર કાઢ્યા પછી તેની દવા કેમની બનાવાય ?

આપણે સૌ એવું માનીએ છીએ કે સાપાઅ ઝેરમાંથી સીધી ઝેરની દવા બનાવાય છે, પરંતુ હકીકત કંઈક અલગ છે. સાપના ઝેરની દવા બે પ્રકારની હોય છે. એક મ મોનો-વેલન્ટ અને બીજી પોલી-વેલન્ટ. જે દવા માત્ર એક સાપના ઝેરમાં જ કામ લાગે તે મોનો-વેલન્ટ અને એક જ દવા અનેક પ્રકારના સાપના ઝેર સામે કામ આવે તે પોલી-વેલન્ટ. પૃથ્વી પરના તમામ પ્રાણીઓમાં ઘોડાની રોગપ્રતિકારક શક્તિ સૌથી મજબૂત મનાય છે.તેથી એક ઘોડાના શરીરમાં વધતી માત્રામાં નિયમિત સમયે સાપનું ઝેર દાખલ કરવામાં આવ છે. ઘોડાના શરીરમાં ઝેર સામે પ્રતિકાર કરતા જે એન્ટિ-બોડીઝ બને તેને અલગ પાડી, તેને ક્રીસ્ટલાઈઝ (પાવડર બનાવવો) કરી તેને સર્પના ઝેરના મારણ (એન્ટી સ્નેક વિનીન) તરીકે વાપરવામાં આવે છે.

૧૨. સાપના શરીરમાં કેટલાં હાડકા હોય છે ?

સર્પના શરીરમાં એવરેજ ૨૦૦ થી લઈન ૪૦૦ સુધી હાડકા જોવા મળે છે, જે સપોની જાતિ પર આધારિત હોય છે.

૧૩. સાપ કેટલા મજબૂત હોય છે ?

સાપ એક રીતે બહુ નાજૂક હોય છે, પરંતુ તેમને જે સ્થિતિમાં જીવવાનું છે એ જોતા દરેક સર્પ પોતે જે વાતાવરણમાં રહેતો હોય તે મૂજબ અત્યંત વિષમ વાતારવરણ પણ સહન કરી શકે છે. વધુમાં મોટે ભગે ઝાડી ઝાંખરા, કાંટા અને જમીન પર ઢસડાઈને ચાલવા છતાં કોઈ ઈજા ન થાય તેવું ભિંગડાનું બનેલું બાહ્ય શરીર હોય છે. આફ્રિકા, રાજસ્થાનના રણમાં વાઈપર સર્પો ૫૦ ડિગ્રી સુધીની ગરમી પણ સહન કરી શકતા હોય છે, તો સામે પક્ષે સર્પની ગાર્ટર સ્નેકને જાતિ કેનેડાના લગભગ ઝીરો ડિગ્રી જેટલા ઠંડા વાતાવરણમાં પણ વસે છે. પણ એ સિવાય સર્પોનું શરીર બહુ નાજૂક હોય છે,

૧૪. જો સાપ બિનઝેરી હોય તો પોતાનો ખોરાક કેમના પચાવે છે ?

જે સર્પો બિનઝેરી હોય તેઓ પોતાના પેટના સ્ટ્રોંગ એન્ઝાઈમ્સ (પાચક રસો)થી પચાવે છે.

૧૫. સાપમાં લાગણીઓ હોય કે નહીં ?

સાપમાં ડર, ગુસ્સો, બચાવ, સ્વબચાવ, મૈથુન જેવી કુદરતી સમજણ હોય છે જેને લાગણી ન કહી શકાય. તે ગુસ્સો આવે ત્યારે હુમલો કરે, ડર લાગે તો ભાગી જાય, સમયચક્ર પ્રમાણે ભોજન અને મૈથુન કરે પરંતુ માનવની જેમ આ લગણીઓના આધારે સહજ સીવાયની યાદ રાખી પછીથી બદલો લેવાની કે એવી પ્રતિક્રિયા આપે નહી. દા.ત. તેને બચ્ચા જન્મે ત્યારે ખુશ થઈને પેંડાને બદલે ઉંદર વહેંચવા નીકળતો નથી. કે પોતાનો સાથીદાર મરી જાય તો રડતો નથી, કે નથી તે પોતાના સાથીદાર પાસે વર્જીનીટીની અપેક્ષા રાખતો !

૧૬. સાપને પાળી શકાય કે નહિ ?

કુતરા કે અન્ય પ્રાણીઓની માફક તેને પાળીને અજ્ઞાંકિત બનાવી શકાતો નથી. કોઈ તેને કેદમાં પૂરી શકે પરંતુ તેની પાસે અન્ય પાળતુ પ્રાણી જેવું વર્તન કરતો કરી શકાતો નથી.

૧૭. સાપને મગજ હોય ? કેટલું ?

દરેક સાપના શારીરિક કદના અનુસંધાને તેના મગજનું કદ હોય છે. પરંતુ સાપની જાતિ-પ્રજાતિના ક્રમિક વિકાસ અને જરૂરિયાતના અનુસંધાને તેનું મગજ કાર્ય કરતું હોય છે જે તેની સહજ વૃત્તિઓ (બેઝીક ઈન્સ્ટિક્ટ) અનુસાર કાર્ય કરે છે. વિશ્વમાં સૌથી બુદ્ધિશાળી સાપ તરીકે એશિયામાં વસતો કિંગ કોબ્રા ઓળખાય છે. આ સાપ પોતા